Plot----Bunglow-----Flat
THE PROPZONEGANDHINAGAR
Buy-----sell-----Rent
A property consultant in Gandhinagar
Office : A/224, Swagatrainforest~2
Kuda san.Gandhinagar
Mobile : 9033810109

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-21 ■ અંક-36 ■ તા. 03-09-2017 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## પાટનગર તર્ક વિતર્ક

ગાત્રો ભલે થીજી જાય પણ શ્રધ્ધા નો દિપક ક્યારેય બુઝતો નથી....જય શ્રી અંબે

સમગ્ર ગુજરાત મા થઈ તેમજ મુંબઈ.પુના અને રાજસ્થાન થી પગપાળા આવતા માયી ભક્તો નો જય અંબે નો નાદ રસ્તાઓ ઉપર સંભળાય છે .નોટબંધી પછી ની મોંઘવારીએ માઝા મૂકી હોય તેવું દેખાયું..૨૫ લાખ થઈ પણ વધારે માનવમેહરામન જોયેલો.માણેલો કદાચ હવે સંભારણું બની જશે..ગેસ ના સિલિન્ડર.દૂધ.શાકભાજી અને ટ્રાંસ્પોર્ટેશન,ડીઝલ.પેટ્રોલ ના વધતા ભાવો ને લીધે આ વખતે ૪૦ ટકા પણ સેવારથી કેમ્પો રસ્તા ઉપર હતા નહીં..પગે ચાલી ને આસ્થાથી નીકળવા વાળો વર્ગ પણ ૪૦ ટકાથી વધારે નીકળ્યો નથી તેવું અનુભવ્યું..સ્વાઈનફલ્યું,સતત વરસાદ ની અસરો જોવા મળી.દ્રઈૅ તેમજ બોમ્બે.પુના અને મધ્યગુજરાત ના આણંદ.સુરત.વડોદરા ના ઘણા લોકો ના સેવારથી કેમ્પો આવખાતે જોવા મળ્યા નહીં..છતાં ભક્તિ રસ હોવી ખેરાલુ થઈ આગળ વધી ગયો છે ને માહોલ તો દાંતા થઈ અંબાજી અને પાલનપુરથી અંબાજી વચ્ચે જોવા મળે..મા અંબા સૌકોઈ ને શક્તિ ભક્તિ થી ભરપૂર રાખે તેવી અભ્યર્થના..

---

વિધાનસભા ની ડિસેમ્બર ૨૦૧૭ ની ચૂંટણી નો ચાલરવો શરૂ થયો..ગુજરાત ના ગામેગામ.શહેરો ના સમીકરણો થઈ સાચા કબોટ ચૂંટણી પોળ શરૂ થાય.ભાજપ.કોંગ્રેસ ના ચહેરા બદલવાની ગતિવિધિઓ શરૂ થયી.મોદીશાહે કવાયત હાથ ધરતા પહેલા કેન્દ્રીય મંત્રી મંડળ નું રવિવારે વિસ્તરણ કરી સથી ઘાતક પક્ષો ના રહી ગાયેલાઓ ને ખુશ કરશે. કોંગ્રેસે પણ બલવાખોરીવાળા ૧૪ શંકરસિંહ વાઘેલા ના ટેકેદારો ને સસ્પેન્ડ કર્યા બાદ ૧૪ જેટલા કોંગ્રેસ ના મતદારો ને આવકારવા નવા ઉમેદવાર ની પસંદગી ની કવાયત શરૂ કરી.ભાજપ માં મૂળભૂત કાર્યકરો માં અસંતોષ નું વાતાવરણ.૬૩ જેવા ચાલુ ધારાસભ્યો ને ટીકીટ નહીં આપવાનો મોદીશાહ નો નિર્ણય થયી શકે તેમ છે ને પાર્ટી બચાવો અભિયાન ના ભાગ રૂપે ગરજે ગુજરાત જેવા સૂત્રો થઈ ગુજરાત ચૂંટણી પ્રચાર ના મંડાણ થશે.જોકે પાટીદાર આંદોલન ની અસરો ના લીધે હજી પાટીદાર ધારાસભ્યો ખુલો બહાર બધે નીકળી શકવા તેવો માહોલ નથી.જાતીય સાંઈમારનો માં તોડફોડ ની નીતિ અખતીયર થયી રહી છે.ચૂંટણી લક્ષી દલાલો અને દુભાસીયાઓ તેમજ ભ્રષ્ટચારી કર્મચારીઓ ની અદલ બદલ નો દોર શરૂ થયો છે.કેટલાક લોભામના વચનો અપાશે.ચૂંટણી નીંકામગીરી માં જે કર્મચારીઓ ભાગ લેશે ટ્વિમનો અંધારી એકાદ લાખ નીટંક્ટિૈ હર્ષ્દ્વી નો લાભ નિયમો પ્રમાણે મળશે જેથી લાલચુઓ તટસ્થતા છોડી ગેલ માં આવી ગયા છે શાશકો ના કહ્યાંગરા કામે લગાડસે..

---

ગાંધીનગર મહાનગર પાલિકા ની સામાન્ય સભામાં અંતે મિલી જુલી રીતે નક્કી કરી ને ૧૩ લાખ ની ખુરશીઓૌ દ્વિક્ર હૈ ખરીદાસે ને વહેંચાઈ જશે.સંસ્થાઓ.શાળાઓ અને કહ્યાગરા નેતાઓ ના વિસ્તારો માં ગોઠવાશે ને ગ્રાન્ટ વાપરી ને બતાવાશે.

---

ગોરખપુર હોસ્પિટલ માં ઓગસ્ટ મહિનામાં ૩૨૪ બળ મૃત્યુ થાય..કુલ એક વરસ માં ૧૩૦૪ બાળકો ના મૃત્યુ થાય નો આંકડો સરકારે જાહેર કર્યો...રાજસ્થાન ના બાંસવાડા ની એક હોસ્પિટલ માં ૮૧ બાળકો ના મૃત્યુ થયા.સરકારી આરોગ્ય સેવાઓ બાબતે જનતા મા આક્રોશ નું વાતાવરણ સર્જાયું..ૈંછ સરકાર વખતે ભાજપ નો વિરોધ જે રીતે થતો તેનાથી પણ વધારે ગેરરીતિઓ.ભાવવધારા.સરકારની દેખીતી ભૂલો સામે આવતા સોશિઅલ મીડિયામાં ભાજપ વિરુદ્ધ જુના વિરોધ પ્રદર્શન ના ફોટાઓ સાથે ની પોસ્ટ સામે આવી.પ્રજા માણસ પર લોક વિરોડ નો આક્રોશ નોટબંધી ની નિષ્ફળતા.આરબીઆયી ના આંકડા બહાર આવતા જાણવા મળ્યું. પ્રધાનમંત્રી પોતાના મન્ના તુક્કાઓ થી સરકાર ઉપર અખતરાઓ થી રાજ કરતા હોય ને તનો ભોગ પ્રજા બનતી હોય તેવો જન આક્રોશ સંભળાયો. સરહદ પર સતત તંગદિલી થી રોજેરોજ એકલ દોકલ જવાનો ની શાહીદીઓ થી પણ મોડિશિશન પર માછલાં ધોવાઈ રહ્યા છે.મીડિયા ની શાસકો બાબતે ની શંકાસ્પદ ટીકા ટિપ્પણીઓ થઈ પણ પ્રજા મા અવિશ્વાસ નું વાતાવરણ..બૌદ્ધિક વર્ગ માં પણ ભાવિ ચૂંટણી.પરંપરાઓ.ઈવીએમ ના ગોટાળા બાબતે સરકાર નું વલણ.હાલ મા વિવિપેટ થી હૉયાધારણ..આપ પાર્ટી ના પોતાની લેબ માંદ્દિ પરીક્ષણ થી મોદીજી ને સીધી ચેલેન્જ..ટૂંકમાં સર લાકહિય રાજકારણ મા આધુનિક બદલાવ ના રાજરંગ હવે પછી પરિણામો ઉપર થી પ્રજા ના પડખા નીંખબાર પડશે કે કોણ કોને બનાવા માં સફળ થયા. - --જન ફરિયાદ

## કેબિનેટમાં ૧૪-૧૫ નવા પ્રધાનોને સામેલ કરવાની તૈયારી કરાઈ

# કેન્દ્રિય કેબિનેટમાં આજે ધરખમ ફેરફારો : મોદી ફરી ચોંકાવી શકે

### મોદી અને અમિત શાહ કેબિનેટમાં ફેરફારોને લઈને સંપૂર્ણ સાવધાન : બન્ને વચ્ચે વિસ્તરણ પહેલા ત્રણ વાર વિસ્તૃત ચર્ચા થઈ : સાત-આઠ પડતા મુકાશે

નવી દિલ્હી,

રાજકીય વર્તુળોમાં અને રાજકીય પક્ષોમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે કેન્દ્રિય કેબિનેટનુ આવતીકાલે રવિવારે સવારે વિસ્તરણ કરવામાં આવનાર છે. કેબિનેટમાંથી કોને કોને પડતા મુકવામાં આવશે અને કોને કોને સામેલ કરવામાં આવશે તે અંગે આવતીકાલે સવારે જ માહિતી મળશે. કેટલાક નવા ચહેરાને પણ તક આપવામાં આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર તમામને ચોંકાવી દેવા માટે તૈયાર છે. મોદી સરકાર આવતીકાલને સુપર સન્ડે બનાવી દેવા તૈયાર છે. કારણ કે નવી ટીમ સપાટી પર આવનાર છે. આ ટીમ બીજા હાફમાં જવાબદારી સંભાળનાર છે. આ નવી ટીમની વર્ષ ૨૦૧૯માં યોજાનાર લોકસભાની ચૂંટણી પહેલા સામાન્ય લોકોમાં કામના મોરચે વધારે સારી છાપ ઉભી કરવાની જવાબદારી રહેશે. કેબિનેટમાં ફેરફારને લઈને મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ ખુબ સાવધાન છે. કારણ કે બન્ને વચ્ચે આ મામલે ત્રણ વખત બેઠક થઇ ચુકી છે. કેબિનેટમાં ફેરફાર રવિવારના દિવસે સવારે ૧૦ વાગે થશે. મોદી કેટલાક નવા ચહેરાઓને તક આપનાર છે. કેબિનેટમાં ફેરફાર અને ફેરરચનાના ભાગરુપે ઓછામાં ઓછા પાંચ કેન્દ્રીય મંત્રી ગુરુવારના દિવસે રાજીનામુ આપી દીધા હતા. જ્યારે અન્ય એક પ્રધાને મોડેથી રાજીનામુ આપ્યુ હતુ. પ્રધાનોના ખાતા બદલવાની સાથે સાથે કેટલાક જુના મંત્રીઓને પડતા મુકવામાં આવી શકે છે. નવા ચહેરાઓને તક મળી શકે છે. માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરીને રેલવે ખાતુ મળી શકે છે. જ્યારે સુરેશ પ્રભુનો પર્યાવરણ ખાતુ આપવામાં આવી શકે છે. રાજીવ પ્રતાપ રુડીનો સંગઠનમાં કોઈ મોટી જવાબદારી મળી શકે છે. પ્રધાનમંડળમાં ફેરફારનો મુખ્ય ઉદ્દેશ્ય શાનદાર દેખાવ કરનાર પ્રધાનોને પ્રોત્સાહન આપવાનો અને નિરાશાજનક દેખાવ કરનાર પ્રધાનોની હકાલપટ્ટી કરવાનો પણ છે. ગુજરાતમાંથી પણ કેટલાક પ્રધાનોને મોટી જવાબદારી મળી શકે છે. બઢતી પણ મળી શકે છે. સંસદીય બાબતોના પ્રધાન અનંત કુમારને શહેરી વિકાસ મંત્રાલય સોંપવામાં આવે તેવી શક્યતા છે. પહેલા આ મંત્રાલય વેંકૈયા નાયડુની પાસે હતું. હાલમાં આની વધારાની જવાબદારી ગ્રામીણ વિકાસ પ્રધાન નરેન્દ્રસિંહ તોમર પાસે છે. વડાપ્રધાન મોદીએ જ ભાજપ પ્રમુખ અમિત શાહ સાથે વાતચીત કરી હતી. આ વાતચીત મે ૨૦૧૪માં સરકારની રચના બાદ પ્રધાનમંડળમાં ત્રીજા સૌથી મોટા ફેરફારના ઉદ્દેશ્યથી યોજાઈ હતી. મોટા પાયે કેબિનેટમાં ફેરફાર માટેનો માર્ગ મોકળો કરવા માટે છ પ્રધાનો રાજીનામાં આપી ચુક્યા છે. કેટલાક પ્રધાનોના ખાતામાં ફેરફાર કરવામાં આવનાર છે. આવી જ રીતે કેટલાક જુના પ્રધાનોને બહાર કરવામાં આવનાર છે. આવી જ રીતે કેટલાક નવા ચહેરાને તક મળી શકે છે. માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરીને રેલવે મંત્રાલયની જવાબદારી મળે તેવી શક્યતા છે.સ્કીલ ડેવલપમેન્ટ પ્રધાન રાજીવ પ્રતાપ રૂડી, આરોગ્ય પ્રધાન ફગનસિંહ કુલસ્તે, કૃષિ રાજ્યપ્રધાન સંજીવ બાલિયન રાજીનામા આપી ચુક્યા છે. જળ સંશાધન પ્રધાન ઉમા ભારતીએ આરોગ્યના કારણસર રાજીનામુ આપી દેવાની ઓફર કરી છે. જો કે તેમને કેબિનેટમાં હાલમાં જાળવી રાખવામાં આવે તેવી શક્યતા છે. બિહારના મુખ્યપ્રધાન નીતિશ કુમારની પસંદગીના બે પ્રધાનોને કેન્દ્રિય કેબિનેટમાં સામેલ કરવામાં આવી શકે છે. જેડીયુમાંથી રામચન્દ્ર પ્રસાદ અને પુર્ણિયાના સાંસદ સંતોષ કુશવાહને પ્રધાન બનાવવામાં આવી શકે છે. કેન્દ્રિય કેબિનેટના વિસ્તરણને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે હાલમાં ભાજપ પ્રમુખ અમિત શાહના આવાસ પર હાઈ પ્રોફાઈલ બેઠક યોજવામાં આવી હતી. જેમાં જુદા જુદા પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં કેન્દ્રિય નાણાં પ્રધાન અરૂણ જેટલી અને ભાજપનાકેટલાક કેન્દ્રિય નેતાઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં આઠ કેન્દ્રિય પ્રધાનો હાજર રહ્યા હતા. જેડીયુ એનડીએમાં સામેલ થઈ ગયા બાદ કેબિનેટ વિસ્તરણને લઈને ચર્ચા ગરમ છે. કેબિનેટમાં ફેરફાર માટેનુ એક કારણ રેલવે પ્રધાન સુરેશ પ્રભુ દ્વારા રાજીનામાની ઓફર પણ છે. સતત એક પછી એક રેલવે અકસ્માતના કારણે રેલવેપ્રધાન હાલમાં ભારે દબાણ હેઠળ છે. પ્રભુએ થોડાક દિવસ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળીને રાજીનામાની ઓફર કરી હતી. જો કે થોડાક સમય સુધી રાહ જોવા માટે મોદીએ તેમને કહ્યુ હતુ. ભાજપના નેતા અનિલ માધવ દવેના અવસાનના કારણે આ વર્ષે મે મહિનામાં વિજ્ઞાન પ્રધાન હર્ષવર્ધનને પર્યાવરણ મંત્રાલયની વધારાની જવાબદારી સોંપવામાં આવી હતી. જ્યારે નાયડુએ હોદ્દો છોડી દીધા બાદ સ્મૃતિ ઈરાનીને માહિતી અને પ્રસારણ મંત્રાલયનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો. આગામી ચૂંટણીને લઈને બે વર્ષથી ઓછો સમય રહ્યો છે ત્યારે મોદીનુ ધ્યાન હવે માત્ર સારા કામ પર કેન્દ્રિત છે. વર્ષ ૨૦૧૯ની ચૂંટણી પહેલા તેને અંતિમ ફેરફાર તરીકે પણ ગણવામાં આવે છે. મહત્વપૂર્ણ મંત્રાલયોને ફુલટાઈમ મંત્રી આપવાનો હેતુ છે. લોકસભા ચૂંટણી આડે બે વર્ષનો સમય રહ્યો છે ત્યારે મોદી પરફોર્મન્સ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે. જે રાજ્યોમાં હવે ચૂંટણી યોજાનાર છે તે રાજ્યોમાંથી કોને તક કેન્દ્રિય કેબિનેટમાં મળે છે તે બાબત પર ભાજપ છાવણીમાં ભારે ચર્ચા છે. જો કે સસ્પેન્સ હજુ અકબંધ છે. વિગત વધારે જાહેર કરવામાં આવી નથી. કેબિનેટમાં ૧૪-૧૫ નવા પ્રધાનોને સામેલ કરવામા ંઆવી શકે છે. જ્યારે સાત અથવા તો આઠને પડતા મુકાશે.

## યુવકે સાબરમતી નદીમાં ઝંપલાવી મોત વ્હાલુ કર્યુ

# હવે બ્લુ વ્હેલ ગેમે પાલનપુર યુવાનનો ભોગ લેતા ચકચાર

### આત્મહત્યા કરતાં પહેલા ફેસબુક પર વીડિયો પોસ્ટ કર્યો જીંદગીથી કંટાળી ખતરનાક બ્લુ વ્હેલગેમ ડાઉનલોડ કરી

અમદાવાદ,

રશિયાની દુનિયાભરમાં ખતરનાક અને જીવલેણ બની રહેલી બ્લુ વ્હેલ ગેમએ આજે પાલનપુરના રહેવાસી એવા એક યુવકનો અમદાવાદમાં ભોગ લીધો હતો. પાલનપુરના માલણ ગામના અશોક માલુણા નામના યુવકે અમદાવાદમાં આવી સાબરમતી નદીમાં ઝંપલાવી મોત વ્હાલુ કર્યું હતું. આત્મહત્યા કરતાં પહેલા યુવકે ફેસબુક પર પોતાનો વીડિયો પણ પોસ્ટ કર્યો હતો, જેમાં તેણે પોતે જીંદગીથી કંટાળી ગયો હોઈ બ્લુ વ્હેલ ડાઉલોડ કરી તેના ટાસ્ક પૂરા કર્યા હતા, જેમાં છેલ્લે તેને આત્મહત્યાનું છેલ્લું સ્ટેપ અપાયું હતું અને તે આ આત્મહત્યા કરી રહ્યો હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો હતો. યુવકનાા મૃતદેહ સાબરમતી નદીમાંથી મળી આવતાં જબરદસ્ત ચકચાર મચી ગઇ હતી. આત્મહત્યા પહેલાં તેણે તા.૩૧મી ઓગસ્ટે ફેસબુક લાઈવ કર્યું અને તેમાં તેણે સ્યુસાઈડ ગેમ તરીકે જાણીતી બ્લુ વ્હેલ નામની ગેમ પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરી હોવાનું અને તેમાં તેને છેલ્લા સ્ટેપમાં આત્મહત્યાનું સ્ટેજ પાર કરવાનું હોવાથી તે આત્મહત્યા કરી રહ્યો હોવાનો ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. રિવરફ્રન્ટ પશ્ચિમ પોલીસે આ બનાવ અંગે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસને સાબરમતી નદીના કિનારેથી યુવકની બેગ મળી આવી હતી. જેમાં રૂ.૪૩ હજાર રોકડા, તેનો મોબાઈલ સહિત અન્ય ચીજવસ્તુઓ મળી આવી હતી. જેના આધારે પોલીસે તેના નંબરો મારફતે તેના પરિવારજનોનો સંપર્ક કરતાં તેના કાકા આવ્યા હતા અને તેમને સમગ્ર હકીકતથી વાકેફ કરી મુદ્દામાલ સોંપ્યો હતો. મરનાર યુવક અશોક માલુણા બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના માલણ ગામનો વાતની હતો અને તેણે ધોરણ-૧૨ સુધી અભ્યાસ કર્યો હતો. તેના પિતાનું વર્ષો પહેલા નિધન થયું હતું. યુવક તેની વિધવા માતાનો એકનો એક પુત્ર અને ચાર બહેનો વચ્ચે એકનો એક ભાઈ હતો. તેની આત્મહત્યાને પગલે પરિવારજનો પર જાણે આભ તૂટી પડયું છે, તો સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને શોકનો માતમ પથરાઈ ગયો છે. અત્રે નોંધનીય છે કે મદ્રાસ હાઈકોર્ટે ગઈકાલે કહ્યું હતું કે, મદુરાઈ જિલ્લામાં એક વ્યક્તિનો જીવ લઈ લેનાર બ્લુવ્હેલ ચેલેન્જ જેવી ખતરનાક ઓનલાઈન્સ ગેમ્સ સામે પગલા લેવામાં આવશે. જસ્ટિસ કેકે શશીધરન અને જીઆર સ્વામીનાથનની મદુરાઈ બોંચે ખતરનાક ઓનલાઈન્સ ગેમ્સ સામે કઠોર પગલા લેવાની વાત કરી હતી. એડવોકેટ કૃષ્ણમૂર્તિ દ્વારા મદ્રાસ હાઈકોર્ટમાં તર્કદાર દલીલો કરવામાં આવી હતી. કૃષ્ણમુર્તિએ આવી ખતરનાક ગેમ ઉપર પ્રતિબંધ મુકી દેવા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયને આદેશ કરવા કોર્ટને અપીલ કરી હતી. આ કેસમાં ચોથી સપ્ટેમ્બરના દિવસે વિગતવાર સુનાવણી હાથ ધરવામાં આવશે. કોલેજના વિદ્યાર્થી વિગ્નોશે ઓનલાઈન્સ ગેમ્સ રમ્યા બાદ ૩૦મી ઓગસ્ટના દિવસે આત્મહત્યા કરી લીધી હતી. આ વિદ્યાર્થીએ પોતાના મિત્રને કહ્યું હતું કે, તે ગેમને લઈને ખુબ જ ક્રેઝી હતો. વિશ્વભરમાં મોટી સંખ્યામાં લોકોના મોત આના કારણે થઈ ચુક્યા છે. બ્લુ વ્હેલ ચેલેન્જ જેવી ઓનલાઈન ગેમના કારણે વિશ્વના દેશો હચમચી ઉઠ્યા છે. મોતનો આંકડો પણ વધી રહ્યો છે. ભારતમાં પણ આ પ્રકારના કેસ વધી રહ્યા છે. ૩૦મી ઓગસ્ટના દિવસે કોલેજના વિદ્યાર્થીએ આપઘાત કર્યા બાદ ચકચાર મચી ગઈ છે. આગામી દિવસોમાં બ્યુ વ્હેલ સામે કઠોર કાર્યવાહી કરવામાં આવે તેવા સંકેત મળી રહ્યા છે. આ ગેમને લઈને અગાઉ પણ હોબાળો થઈ ચુક્યો છે. પાલનપુરના માલણ ગામના અશોક માલુણા નામના યુવકે અમદાવાદમાં આવી સાબરમતી નદીમાં ઝંપલાવી મોત વ્હાલ કરતા કેન્દ્ર સરકાર અને તમામ રાજ્યો પર ગેમ પર પ્રતિબંધ મુકવાનુ દબાણ વધી રહ્યુ છે.

# નાની બેંકોની પ્રાપ્તિની શક્યતા ચકાસવાની મોટી બેંકોને સૂચન

### એસબીઆઈની જેમ જ અન્ય મોટી બેંકો પણ મર્જર સાથે આગળ આવે તેવી નાણાં મંત્રાલયની ઈચ્છા છે : અહેવાલ

નવીદિલ્હી,

નરેન્દ્ર મોદી સરકાર દ્વારા નાની બેંકોના મર્જરને લઈને વધુ શક્યતા ચકાસવાની તૈયારી કરી લીધી છે. નાણામંત્રાલય દ્વારાત હવે ચાર મોટી પીએસયુ બેંકોને નાની અને મધ્યમ કદની બેંકોની સાથે મર્જર અથવા તો આ બેંકોને લઈ લેવાની શક્યતા ચકાસવા અપીલ કરી છે. મોટી વૈશ્વિક કદની બેંકોના હેતુ સાથે આ અપીલ કરવામાં આવી છે. જાણકાર સુત્રોએ કહ્યું છે કે, પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ બરોડા, કેનેરા બેંક અને બેંક ઓફ ઈન્ડિયા જેવી મોટી જાહેર ક્ષેત્રની બેંકો પ્રાપ્તિ માટે યોગ્ય ઉમેદવારની ચકાસણી કરી શકે છે. હજુ સુધી અનૌપચારિકરીતે નાણામંત્રાલયે તેમને સુચના આપી છે કે, તેઓ મર્જર અને પ્રાપ્તિ માટેની શક્યતામાં અભ્યાસ કરી શકે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા થોડાક સમય પહેલા મર્જરની ગતિવિધિ હાથ ધરી હતી. ક્ષેત્રિય સમતુલા, ભૌગોલિક નેટવર્ક, નાણાંકીય બોજ, સાનુકુળ માનવ સંશાધન જેવા પરિબળોને ધ્યાનમાં લેવા માટે કહેવામાં આવ્યું છે. મોદી સરકાર ઈચ્છે છે કે, એસબીઆઈની જેમ જ અન્ય મોટી બેંકો પણ નાની બેંકો સાથે મર્જ થઈ જાય. થોડાક સમય પહેલા પાંચ એસોસિએટ બેંક અને ભારતીય મહિલા બેંકે એસબીઆઈનો હિસ્સો બનવાનો નિર્ણય કર્યો હતો. પહેલી એપ્રિલ ૨૦૧૭થી પાંચ એસોસિએટ બેંક અને ભારતીય મહિલા બેંક એસબીઆઈને હિસ્સો બની હતી. આની સાથે જ એસબીઆઈ વિશ્વમાં ટોપ ૫૦ બેંકોની અંદર સામેલ થઈ ગઈ હતી. એસબીઆીની સાથે જે બેંકો મર્જ થઈ ગઈ હતી તેમાં સ્ટેટ બેંક ઓફ બીકાનેર એન્ડ જયપુર, સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ, સ્ટેટ બેંક ઓફ મૈસુર, સ્ટેટ બેંક ઓફ પટિયાલા અને બીએમબીનો સમાવેશ થાય છે. આ તમામ બેંકો એસબીઆઈ સાથે મર્જ થઈ હતી. આ મર્જરની સાથે એસબીઆઈનું કુલ ગ્રાહક નેટવર્ક ૩૭ કરોડ સુધી પહોંચ્યું હતું જ્યારે બ્રાંચની સંખ્યા ૨૪૦૦૦ સુધી પહોંચી હતી. દેશભરમાં એટીએમની સંખ્યાતેની ૫૯૦૦૦ સુધી થઈ હતી. મર્જરની સાથે ડિપોઝિટ બેઝનો આંકડો ૨૬ લાખ કરોડ સુધી પહોંચ્યો હતો. સરકારે ફેબ્રુઆરી મહિનામાં જ એસબીઆઈ સાથે પાંચ એસોસિએટ બેંકના મર્જરને મંજુરી આપી હતી. માર્ચ મહિનામાં કેબિનેટે પાંચ એસોસિએટ બેંકના મર્જરને લીલીઝંડી આપી દીધી હતી. એસબીઆઈ ૨૦૦૮માં સૌથી પહેલા સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રમાં મર્જ થઈ હતી. બે વર્ષ બાદ સ્ટેટ બેંક ઓફ ઈન્દોર તેની સાથે મર્જ થઈ હતી. સફળતાની નોંધ લઈને નાણામંત્રાલય દ્વારા જાહેર ક્ષેત્રની બેંકમાં આવી બીજી દરખાસ્ત ઉપર વિચારણા હાથ ધરી છે. નોન પરફોર્મિંગ એસેટની સ્થિતિ એક વખતે સુધરી ગયા બાદ મર્જરનો તબક્કો શરૂ થશે. એસબીઆઈને મોટી સફળતા મળી હતી ત્યારબાદ નવી આશા જાગી છે.બેકના મર્જરની હિલચાલને નિષ્ણાંતો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે.



# Death of 72 children in Gorakhpur Hospital

## Are the regulations the problem or, is it the 'regulatory misconduct'?

Nearly 72 children die in Gorakhpur Hospital and authority sees no need to conduct autopsy to determine the causes of death saying, 'No family member has come forward till now requesting that postmortem be conducted'. Engulfed with in communal battlefields and hero worshiping for decades, for the voters the publicly funded health care is still not at the top of their priority agenda for election. *Buddhdev Pandya MBE*

The Gorakhpur hospital in India saw death of 72 children while politicians and the medical official haggle over the causes of death.

It is a heartbreaking episode for the families of these children. A loss that never be recovered in terms of human tragedy.

Yet, we have developed some form of a con in our conscience. From rape, honour killings to lynch-mob murders, all brings an outrage is us like a communicable disease; then suffer an then move on to our daily business after recovery until the next tragedy strikes.

And, it is true to say that the same norms apply after each of these tragedies, the professional bureaucrats and politicians move on after usually a botched-up inquiry report that never points to any conclusive facts.

The political bankruptcy has been exhibited at its best when the Director General of the Uttar Pradesh medical education department said that no relative of the more than 60 children, who had died, reportedly due to lack of oxygen supply, in the past five days at Gorakhpur's BRD Medical College Hospital, had asked for autopsy to be conducted. He said that the state government, too, had not issued any directive asking the hospital to conduct postmortem.

The Indian Express quoted, "No postmortem is being conducted on the children who died at the hospital. No family member has come forward till now requesting that postmortem be conducted. We have received no orders for autopsy, in case postmortem examinations were conducted, the cause of death would have come as cardio respiratory arrest, said the Director General (Medical Education) K K Gupta said".

It is beggar's belief that this is called an example of 'good governance'. The newly appointed principal of BRD hospital, Dr P K Singh said that there was no provision to get postmortem conducted on patients who died of infection. "Hence, we are not conducting autopsy on bodies of the children," he added. So, how do you determine the causes of death of so many children in a such short space of time at one medical facility?

I share the views expressed by the former chairman of The Hindu paper on another occasion when Mr Ram quite appropriately said, "Government regulation was believed to be at the root of corruption and liberalisation was predicted to reduce corruption by removing regulations. After so many years, the opposite has happened. It is clear regulation is not the problem, but regulatory misconduct."

He emphasised, "It underlines the intractability of corruption and without making deep and radical changes to the political economy, it will not be possible to prevent and eliminate the endemic and deep-seated disorder."

He added," There is nothing called political corruption as a standalone category. Corporate and non-corporate business world work with political parties. Our laws have to be reformed."

The lucrative business in health care; the growth of the private sector has shifted the focus of the political agenda from the public-sector health care. The health of the poor and those who can least effort access to healthcare is sliding towards the lower end of the government priorities, presumably influenced by the vested interests.

National President IMA, Dr KK Agrawal agreed with Dr SK Mittal, an Ex Director Professor of Paediatric who wrote that what is happening in Gorakhpur is nothing new or unique. The doctors are the usual scapegoat while the truth of bureaucratic delays never comes out. He said that the incidences will keep reoccurring unless we find solutions to many of the procedures that has repetitive steps causing delays.

While agreeing, I also suspect there is a huge void of professional ethical practices and lack of capacity for providing leadership conduct in the profession. I grant that there are serious issues with availability of resources and the pressure of population.

The CM of Utter Pradesh and the BJP is likely to get their own medicine that they were dishing out to their predecessors. Given the rhetoric of non-nonsense with 'good effective governance' the Yogiji administration has shown little sensitivity towards what could be suspected the 'medical criminality' at the hospital!

The main drawback has been our attitude towards public health care sector and effective self-regulatory functions of the medical profession that has let down the level of provisions for standard of care!

This may be a common experience across India for those who are lucky to have a clinical facility nearby. But it is high time the politicians wake up to the daily crisis faced by their voters.

Engulfed with in communal battlefields and hero worshiping mindset, for the voters, the publicly funded health care still does not seem to be top of their priority of the agenda for election. We are failing to seek accountability where it matters. Jai Hind.

## બાવળાના મેટાલ ગામમાં જૂની અદાવતમાં હિંસક અથડામણ

અમદાવાદ,

અમદાવાદ જિલ્લાના બાવળાના મેટાલ ગામે આજે બે જૂથ વચ્ચે જૂની અદાવતને લઇ જોરદાર અથડામણ થતાં તેમાં બે લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. બંને જૂથોની અથડામણને લઇ સમગ્ર પંથકમાં વાતાવરણ તંગ બની ગયુ હતું અને ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ સર્જાઇ હતી. ઘટનાની જાણ થતાં જ ડીવાયએસપી સહિતનો ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો સશસ્ત્ર સુરક્ષા જવાનો સાથે પહોંચી ગયો હતો અને હળવદની જૂથ અથડામણની જેમ પરિસ્થિતિનું નિર્માણ ના થાય તે હેતુથી બંને જૂથના લોકોને વિખેરી લોખંડી બંદોબસ્ત તૈનાત કરી દીધો હતો અને શાંતિનું વાતાવરણ કાયમ કર્યું હતું. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે આજે ગાયો ચરાવવાની બાબતને લઇ થયેલી તકરારમાં બંને જૂથના લોકો ઘાતક હથિયારો લઇ સામસામે આવી ગયા હતા અને એકબીજા પર હુમલો બોલી દીધો હતો. આ જૂથ અથડામણમાં બે વ્યકિતને ગંભીર ઈજા પહોંચી હતી. બે જૂથના લોકો વચ્ચે સર્જાયેલી આ જૂથ અથડામણને લઇ સમગ્ર પંથકમાં વાતાવરણ તંગ બની ગયું હતું અને સ્થાનિક લોકોમાં ફફડાટની લાગણી ફેલાઇ ગઇ હતી.

# રાહુલના કાર્યક્રમને સફળ બનાવવા કોંગીની કવાયત

## રાહુલ ગાંધી સૌને પ્રોત્સાહિત અને માર્ગદર્શિત કરવા આવી રહ્યા છે :રાહુલ ગાંધી કાર્યકરોથી લઇ પ્રોફેશનલ્સને મળશે

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં સાબરમતી રિવરફ્રન્ટ પર તા.૪થી સપ્ટેમ્બરના રાહુલ ગાંધીના કાર્યક્રમને લઇ ગુજરાત કોંગ્રેસની તડામાર તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી છે. રાહુલ ગાંધીની મુલાકાત અને તા.૪થીના કાર્યક્રમને લઇ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ સ્પષ્ટ કર્યું હતું કે, રાહુલજી કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનોને વિધાનસભા ચૂંટણીને લઇ પ્રોત્સાહિત કરવા અને માર્ગદર્શિત કરવા આવી રહ્યા છે. દરમ્યાન કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રુમખ અર્જુન મોઢવાડિયાએ ભાજપ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ભાજપ જે યોજનાઓ અને સિધ્ધિઓની વાતો કરે છે તે વાસ્તવમાં કોંગ્રેના કાર્યકાળ દરમ્યાન તેનો પ્રારંભ થયો હતો અને જે કોઇ ઉપલબ્ધિઓ મળી છે તે કોંગ્રેસના સમયગાળામાં જ મળી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા તા.૪થી સપ્ટેમ્બરે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પંચાયતી રાજના ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓનું વિશાળ સંમેલન રાખવામાં આવ્યું છે, જેમાં કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ખાસ હાજર રહેવાના છે. તા.૪થી સપ્ટેમ્બરે રાહુલ ગાંધી સવારે ૧૧-૩૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર આવી જાય તેવી શકયતા છે. તેમની મુલાકાતને લઇ કોંગ્રેસ દ્વારા અત્યારથી રાજયના જિલ્લા-તાલુકા કક્ષાએથી ખૂબ મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો-નેતાઓને આમંત્રિત કરાયા છે. કાર્યક્રમને સફળ બનાવવા ગુજરાત કોંગ્રેસના નેતાઓએ ભારે કમર કસી છે. તા.૪થી સપ્ટેમ્બરની રાહુલ ગાંધીની મુલાકાત બાદ તા.૨૧થી તા.૨૬ સપ્ટેમ્બર દરમ્યાન રાહુલ ગાંધી ગુજરાતના બે ઝોનમાં ત્રણ-ત્રણ દિવસનો પ્રચાર કરશે. સૌરાષ્ટ્રના દ્વારકા ખાતેથી રાહુલ ગાંધી કોંગ્રેસના પ્રચારની વિધિવત્ શરૂઆત કરે તેવી શકયતા છે. તા.૨૨ અને ૨૩ સપ્ટેમ્બર દરમ્યાન રાહુલ ગાંધી સૌરાષ્ટ્ર પ્રવાસ કરશે, જયારે તા.૨૪ અને ૨૫ સપ્ટેમ્બર દરમ્યાન ઉત્તર ગુજરાતનો પ્રવાસ ખેડશે. એ પછી તા.૨ ઓકટોબરથી તા.૭ ઓકટોબર સુધી બીજા તબકકાના કાર્યક્રમમાં રાહુલ ગાંધી રાજયના બીજા બે ઝોનમાં ત્રણ-ત્રણ દિવસનો ચૂંટણી પ્રચાર કરશે. જયારે તા.૮મી ઓકટોબરે યોજાનારા વિશાળ સંમેલનમાં ગુજરાતના ખેડૂતો, મહિલાઓ, બેરોજગારો, યુવાનો સહિતના પ્રશ્નોને વાચા આપશે. આમ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના પ્રચારને લઇ રાહુલ ગાંધીના સપ્ટેમ્બર અને ઓકટોબર એમ બે મહિના દરમ્યાન કુલ ૧૪ દિવસના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. રાહુલ ગાંધીના પ્રચાર કાર્યક્રમ અને આગામી મુલાકાતને લઇ ગુજરાત કોંગ્રેસ ભારે વ્યસ્ત છે અને રાહુલ ગાંધીની મુલાકાત અને કાર્યક્રમને લઇ ખાસ રૂપરેખા અને આયોજન નક્કી કરવામાં છે અને કાર્યક્રમને સફળ બનાવવાની જોરદાર કવાયત હાથ ધરાઇ છે.તા.૪થી સપ્ટેમ્બરે અમદાવાદના રિવરફ્રન્ટ ખાતેના કાર્યક્રમ દરમ્યાન રાહુલ ગાંધી કોંગ્રેસના નાના કાર્યકરોથી માંડી પત્રકારો, મીડિયાપર્સન, ઉદ્યોગપતિઓ, વ્યવસાયિકો, વેપારીઓ સહિતના પ્રોફેશનલ્સ સાથે ખાસ સંવાદ યોજશે. રાહુલ ગાંધી આ પ્રસંગે કાર્યકરો, એનજીઓ, પ્રોફેશનલ્સ સાથે પ્રશ્નોત્તરી-જવાબ પણ આપશે. રાહુલ ગાંધીની ગુજરાતની મુલાકાતને લઇને ભાજપની પણ નજર છે.

શુભ સવાર.. જય ભોલે...
હું શું જાણું..?? ગઝલ...
મને ક્યાં એ ખબર મારે ભટકવું છે..
હવે તું બોલ આજે ક્યાં છટકવું છે...
બનાવી પારકો ક્યાં ચાલવાનું છે..!
ખુદને તારો ગણાવીને ભટકવું છે...
બની વેણી લટોને કેદ કરવી છે..
કમર પર રોમની સાથે લટકવું છે...
વસે છે આંખમાં કાજળ ને એ સુરમો..
નયને તારા મને પણ એમ ખટકવું છે
જગતની જાણ તો જગદીશને પણ છે..
નથી જાણી શક્યો હું.. ક્યાં અટકવું છે..
-જન ફરિયાદ

## શહેરમાં હવે શટલ રીક્ષામાં મુસાફરી ખુબ જોખમી બની

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં શટલ રિક્ષામાં બેસવુ કે મુસાફરી કરવી હવે શહેરીજનો માટે ખાસ કરીને મહિલાઓ અને વૃધ્ધો માટે જોખમી બની ગયું છે કારણ કે, શટલ રીક્ષામાં પેસેન્જર તરીકેના સ્વાંગમાં બેસી એકલદોકલ મહિલાઓ કે મુસાફરોને લૂંટવાના કિસ્સાઓ દિન પ્રતિદિન વધી રહ્યા છે. માણેકબાગ વિસ્તારમાં શટલરીક્ષામાં બેઠેલી એક મહિલાનું મોઢુ દબાવી લૂંટારૂ ગેંગે લૂંટ ચલાવી હતી તો, ગીતામંદિરથી રીક્ષામાં બેઠેલા બે વિદ્યાર્થીઓને અવાવરૂ જગ્યાએ લઇ જઇ ચપ્પાની અણીએ લૂંટી લેવાયા હતા. તો થોડા દિવસ પહેલાં સરસપુર બસ સ્ટેન્ડ પાસેથી શટલ રીક્ષામાં બેઠેલી એક મહિલાના હાથમાંથી સોનાની બંગડીઓ કાઢી લૂંટારૂ ટોળકી પલાયન થઇ ગઇ હોવાના કિસ્સાઓ શહેર પોલીસના ચોપડે નોંધાયા છે. પોલીસે આ બનાવો અંગે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ, વલસાડના મુંગરવાડી વિસ્તારમાં કોટેશ્વરનગર સોસાયટીમાં રહેતાં જૈમીનીબહેન કૌશિકભાઇ દેસાઇ(ઉ.વ.૫૦) ગઇકાલે અમદાવાદ ખાતે તેમના પિયરે આવ્યા હતા. જયાં માણેકબાગ ચાર રસ્તા પાસેથી તેઓ એક શટલરીક્ષામાં બેઠા હતા, રીક્ષા માણેકબાગ હોલ તરફથી પસાર થતી હતી ત્યારે રીક્ષામાં પેસેન્જરના સ્વાંગમાં બેઠેલા બે શખ્સોએ જૈમીનીબહેનનું મોંઢુ દબાવી ઝપાઝપી કરી તેના હાથમાંથી ખોટી બંગડીઓ, સોનાનો દોરો, કાનની બુટ્ટી, રૂ.ચાર હજાર રોકડા સહિતનો મુદ્દામાલ લૂંટી તેમને ત્યાં ઉતારી નાસી ગયા હતા.

## પૂનમના દિવસે ૩૫ લાખથી વધુ શ્રધ્ધાળુ દર્શન કરશે

# અંબાજી : ભાદરવી પૂનમના મેળાને લઇ ભકિતનું ઘોડાપૂર

## અંબાજી અને તેની આસપાસના સમગ્ર વિસ્તારમાં અભેદ્ય સુરક્ષા : પાંચ હજારથી વધુ પોલીસ જવાનો તૈનાત કરાયા

અમદાવાદ,

ભાદરવી પૂનમના અનેરૂ મહાત્મ્ય ધરાવતાં દર્શન અને મેળાનો લઇ સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે લાખો શ્રધ્ધાળુ-ભકતો અને માં અંબેની ભકિતનું જાણે ઘોડાપૂર ઉમટયું છે. લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ માં અંબાના દર્શને પહોંચી રહ્યા છે. સ્વાઇન ફલુને લઇ વહીવટીતંત્રએ ખાસ ચોકસાઇના પગલાં લીધા છે, તો બીજીબાજુ, અંબાજી મંદિરમાં સૌપ્રથમવાર લોખંડી સુરક્ષા વ્યવસ્થા તૈનાત કરાઇ છે. અંબાજી અને તેની આસપાસના સમગ્ર વિસ્તારની ફરતો અભેદ્ય સુરક્ષા કવચ ખડકી દેવાયું છે. ખાસ કરીને અંબાજી મંદિરમાં અને તેની ફરતો હાઇડેફીનેશન કવોલિટીના ૧૪૫થી વધુ સીસીટીવી કેમરા, ખાસ કંટ્રોલરૂમની વ્યવસ્થા તૈનાત કરાઇ છે, તો સાથે સાથે પાંચ હજારથી વધુ પોલીસ કર્મચારીઓ અને જવાનો લાખો શ્રધ્ધાળુ ભકતોની સુરક્ષા અને સલામતી માટે તૈનાત રહેશે. ભાદરવી પૂનમના દિવસે દેશ-વિદેશમાં આવેલા અંદાજે ૩૫ લાખથી વધુ શ્રધ્ધાળુ ભકતો માં અંબાના દર્શન કરી ધન્ય બનશે. જગપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમના દિવસો અંબો માંના દર્શનનું અનેરૂ મહાત્મ્ય છે. આ પવિત્ર દિવસો અંબાજીનો મેળો પણ સુપ્રસિધ્ધ છે. રાજયભરમાંથી અને દેશ-વિદેશમાંથી લોકો ખાસ આ દિવસો અંબાજીમાં દર્શન માટે આવતા હોય છે. તો હજારો શ્રધ્ધાળુ-ભકતો પદયાત્રા કરી પગપાળા અંબાજી માતાજીના દર્શન માટે આવતા હોય છે. હાલ અંબાજીના માર્ગો પર હજારો પદયાત્રીઓ માના ધામમાં પગપાળા પહોંચી રહ્યા છે. રસ્તામાં ભકતજનો માટે ઠેર-ઠેર પાણી, ચા, લીંબુપાણી, શરબત અને છાશના કેન્દ્રો પણ ખોલવામાં આવ્યા છે. તો બીજીબાજુ, આ વખતો રાજયભરમાં સ્વાઇન ફલુનો કહેર હોઇ મેળામાં અને ટોળામાં સ્વાઇન ફલુનો વાયરસ ઝડપથી ફેલાતો હોવાથી વહીવટી તંત્રએ આ વાયરસના ફેલાવાનો અટકાવવાના ભાગરૂપે સૌપ્રથમવાર આ વખતો અંબાજીમાં અમુક નિયત સ્થળો પર લીમડા, ગુગળ અને લાખનો ધુપ અને ધુમાડો કરાઇ રહ્યો છે, જેના કારણે વાતાવરણ શુધ્ધ કરી સ્વાઇન ફલુના વાયરસનો ફેલાવો અટકાવાઇ રહ્યો છે. તો બીજીબાજુ, લાખો શ્રધ્ધાળુ ભકતોની સુરક્ષા અને સલામતીને લઇને પણ આ વખતે અંબાજીમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ માટે અંબાજી મંદિર ખાતો ખાસ વિશાળ કંટ્રોલરૂમ ઉભો કરાયો છે. જેમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ સંખ્યાબંધ એલઇડી ટીવી સ્ક્રીનો પર મંદિર પરિસર અને તેની આસપાસની એકેએક ગતિવિધિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. આ વખતે સૌપ્રથમવાર અંબાજી મંદિરમાં ૧૪૫થી વધુ હાઇડેફીનેશન કવોલિટીના સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે કે જેની ૨૦ કિલોમીટર સુધીની રેન્જ છે એટલે કે, આટલા લાંબા એરિયા સુધીની એકેએક ગતિવિધિ ભારે ચોકસાઇપૂર્વક અને સ્પષ્ટ રીતે કેમેરામાં કેદ થઇ જશે. તો ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો રાઉન્ડ ધ કલોક ફરજમાં તૈનાત છે. આશરે પાંચ હજારથી પોલીસ જવાનો ભાદરવી પૂનમના દર્શન અને મેળા સુધી લાખો શ્રધ્ધાળુ ભકતોની સુરક્ષા અને સલામતી વ્યવસ્થામાં તૈનાત રહેશે. ભાદરવી પૂનમના દિવસે અંદાજે ૩૫ લાખથી વધુ શ્રધ્ધાળુ ભકતો માં અંબાજીના દર્શન કરશે. દરમ્યાન લાખો ભકતો માટે અંબાજીના ખાસ પ્રસાદ માટે પણ મંદિર વહીવટીતંત્ર દ્વારા ખાસ તૈયારીઓ કરવામાં આવી છે અને લાખોની સંખ્યામાં તેના પેકેટ તૈયાર થઇ રહ્યા છે.

જન ફરિયાદ
તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ
ગાંધીનગર મુખ્ય કાર્યાલય
બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઇપ, સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073
ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.
એડીટોરીયલ ચીફ :
બકુલ એ. રાવલ
અમદાવાદ મુખ્ય કાર્યાલય
૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦
સહતંત્રી : નિલેશભાઈ રાવલ
૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪
તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી